મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૮ ટકા

ગાંધીનગર તાપમાન

લઘુત્તમ તાપમાન વધીને ૧૫ ડિગ્રી

ગાંધીનગર, તા.૨૦

છેલ્લા ચાર પાંચ દિવસથી અનુભવાઈ રહેલા ઠંડીના ચમકારામાં રાહત અનુભવાઈ છે. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં બે ડિગ્રી જેટલું ઉંચકાતા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી જેટલું નોંધાયું હતું.

ઠંડીથી થર થર ધ્રુજી રહેલા ગાંધીનગરાઓને આજે રાહત મળી છે. છેલ્લા ચાર પાંચ દિવસથી શહેરમાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી હતી. ઠંડીના કારણે વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. મોસમના પ્રારંભે જ ઠંડીએ જમાવટ કરતા લઘુત્તમ તમાપન ૧૩.૨ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. જો કે મંગળવારે ઠંડીમાં રાહત મળી હતી. લઘુત્તમ તમપાન બે ડિગ્રી જેટલું ઉંચકાયું હતું. દિવસ દરમિયાન પણ તડકો રહેતા ઠંડી ઘટી હતી. હજુ એક દિવસ પહેલા જ અનુભવાયેલી આકરી ઠંડીમા આંશિક રાહત મળતા વસાહતીઓએ પણ રાહત અનુભવી હતી.

આજે શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી જેટલું જયારે મહત્તમ તાપમાન ૩૩.૬ ડિ.સે. જેટલું અનુભવાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૪૮ ટકા રહ્યું હતું.

ગાંધીનગરની રેલવેલાઈન પરથી ખૂબ ઓછી પેસેન્જર ટ્રેનો પસાર થાય છે પરંતુ તેના પર માલગાડી વધુ જોવા મળે છે. આ માલગાડીની લંબાઈ એટલી હોય છે કે તે પસાર થઈ રહી હોય ત્યારે ફાટક ખુલાની રાહ જોવામાં વાહનચાલકો કંટાળી જાય છે. પેથાપુર તરફના મુખ્ય માર્ગે તો માત્ર ગુડસ ટ્રેન જ પસાર થાય છે. આવી એક ગુડસ ટ્રેન ફાટકે જ બંધ પડી જતા લાંબો સમય ફાટક બંધ રહ્યું હતું. જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી જવા પામી હતી અને વાહન ચાલકો અકળાઈ ઉઠયા હતા.

શહેરના સેકટર-૮માં સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળ વૈજ્ઞાનિકોએ વિવિધ પ્રોજેકટસ બનાવી રજૂ કર્યા હતા. આ પ્રોજેકટસમાં રજૂ કરાયેલા વિવિધ વિષય તથા પાસાઓને આવરી લેતા સંશોધનાત્મક પ્રયોગો નિહાળી મુલાકાતીઓ અચંબિત થયા હતા.

રાંધેજામાં વધુ બે સોસાયટીના બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં વધુ બે સોસાયટીને ટાર્ગેટ બનાવીને બંધ મકાનમાં હાથફેરો કરી લીધો છે. રાંધેજાની શિવાલિક સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરો બંધ મકાનનું તાળુ તોડી અંદર ઘૂસીને અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ અને કિંમતી ઘડિયાળ મળીને કુલ રૂપિયા ૮૩ હજારની મત્તાની ચોરી કરીને ત્યાથી રફુચક્કર થઈ ગયા હતા. મકાન માલિક પરિવાર સાથે પાવાગઢ ગયા હતા અને બે દિવસનો પ્રવાસ પતાવીને ઘરે આવ્યા ને જોયું તો તેમના ઘરમાં ચોરી થઈ ગઈ હતી. તે ઉપરાંત બાજુમાં આવેલી સિધ્ધેશ્વરી હોમ્સ સોસાયટીમાં પણ એક મકાનનું તાળુ તુટ્યું હોવાનું ધ્યાને આવ્યુ છે. મકાનમાલિકની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

રાંધેજામાં આવેલી શિવાલીક હોમ્સ સોસાયટીમાં ઘરફોડ ચોરીની ઘટના બની હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. પેથાપુર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ જૈનેન્દ્ર શશીકાંત દરજી છેલ્લા એક વર્ષથી આ મકાનમાં ભાડે રહે છે. ૧૭ નવેમ્બરના રોજ તેઓ પરિવાર સાથે પાવાગઢ દર્શન કરવા ગયા હતા. પાવગઢ ફરીને બે દિવસના પ્રવાસના અંતે શનિવારે રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં તેઓ ઘરે પરત ફર્યા અને ઘરે આવીને જોયું તો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો. અંદર જઈ તપાસ કરતાં સરસામાન વેરવિખેર પડ્યો હતો. તેમના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના, ૧૦ હજાર રોકડા, ૧૦ હજારની કિંમતની રાડો ઘડિયાળ તથા અન્ય એક રૂ.૧૫૦૦ની કિંતમની ઘડીયાળ મળી કુલ ૮૩,૫૦૦ની માલમત્તાની ચોરી થઈ ગઈ હતી. આ મકાન સિવાય આગળ આવેલી સિધ્ધેશ્વરી હોમ્સ સોસાયટીમાં પણ એક મકાનનું તાળુ તુટ્યું હોવાનું ધ્યાને આવ્યુ છે. તે મકાનમાંથી કોઈ મોટી માલમત્તા ન જતા ફરિયાદ થવા પામી નથી. પેથાપુર પોલીસે ગુનો નોંધીને ચોરોને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

૧૮૧ અભયમ્ દ્વારા યુવતીને બચાવી લેવાઈ

ચિલોડા, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામની એક મહિલાને ઘરેલુ હિંસાના ત્રાસમાંથી મુકત કરવા ચિલોડા-૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને ઘરેલુ હિંસાનો ભોગ બનનાર પિડીતાના પિતા દ્વારા મદદ માટે કોલ આવતા ૧૮૧ ટીમના ભાવિકા ભગોરા ટીમ સહિત ત્યાં પહોંચ્યા હતા અને જરૂરી કાઉન્સેલીંગ કર્યા બાદ પિડિતા મહિલા ભયભીત હાલતમાં જણાતા તેણીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી કરવા અસ્વીકાર કરતા પ્રોટકશન અધિકારી ગાંધીનગર ખાતે લઈ ગયા બાદ જરુરી કાર્યવાહી કરી સલાહ સુચનો દ્વારા મહિલાને યોગ્ય ન્યાય મળે તે માટે કાયદાકીય રીતે મદદરૂપ થયા હતા.

આ ઉપરાંત બીજા એક કેસમાં ગાંધીનગર જિલ્લામાં પર પ્રાંતિય એક અજાણી મહિલા જનરલ નોલેજના કલાસીસ કરવા આવી હતી આ મહિલાને તેના બોયફ્રેન્ડથી દગો થતા લાગી આવતા માનસિક રીતે હતાશ થઈને આત્મહત્યા કરવા જતા અચાનક ૧૮૧ પર કોલ આવતા ટીમના કાઉન્સેલર ભાવિકા ભગોરા તથા કોન્સ્ટેબલ અનામિકા પટેલ તથા પાયલોટ દ્વારા આ પિડિતા મહિલાનું કાઉન્સેલીંગ કરી પ્રોટેકશન અધિકારી સાથે સંપર્ક કરી તેને જરુરી માર્ગદર્શન અને બચાવ કાર્યની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સે-૨૧ ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ચિત્ર પ્રદર્શન યોજાયું

ગાંધીનગરના સે-૨૧માં સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે નિવૃત્ત સુપ્રિટેન્ડન્ટ એન્જીનીયર મોહનલાલ કપુરચંદ ધોળકિયાના હસ્તે પેઈન્ટીંગ કરેલા ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગ્રામ્ય જગત, પશુ- પક્ષી, શ્રી ગણેશ- શ્રીનાથજીના વિવિધ સ્વરૂપ, ઈજીપ્તની સંસ્કૃતિ, આફ્રિકન આર્ટ, પ્રાચીન સંસ્કૃતિ, કુદરતી દ્રશ્યો અને કાર્ટૂન વગેરે ચિત્રો રજૂ કરવામાં આવ્યા હતા. વાચકો, વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ચિત્ર પ્રદર્શનની નિહાળી મંત્ર મુગ્ધ થયા હતા. સમગ્ર પ્રદર્શનના સફળ આયોજન માટે જિલ્લા ગ્રંથપાલ ડૉ. જયરામ દેસાઈ તથા સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન અંતરિક્ષ સંશોધનનું ભવિષ્ય દર્શાવતું પ્રદર્શન 'બિયોન્ડ ધ પ્લેનેટ અર્થ' યોજાશે

ગાંધીનગર, તા.૨૦

જાન્યુઆરી ૨૦૧૯માં ૯મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૯મી આવૃત્તિ અને ગુજરાત સાયન્સ સિટી, વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને 'બિયોન્ડ પ્લેનેટ અર્થ' પ્રદર્શન દ્વારા વિજ્ઞાનના અલગ પાસાઓ વિષે અવગત કરાશેજ્

સાયન્સ સીટી ખાતે તા. ૧૭મી જાન્યુઆરીથી પૃથ્વીની બહારની દુનિયાને પ્રસ્તુત તરતું ટ્રાવેલિંગ પ્રદર્શન 'અંતરિક્ષ સંશોધનનું ભવિષ્ય' યોજાશે. આ પ્રદર્શન વિદ્યાર્થી અને મુલાકાતીઓને ભવિષ્યના અંતરિક્ષ સંશોધન તરફ લઈ જશે. આ પ્રદર્શનની વિશેષતા છે કે તે એવું વિશાળ વાતાવરણ અને ઉડી અસર ઉભી કરશે કે જે આગામી ૫૦ થી ૧૦૦ વર્ષમાં અવકાશમાં થનારા સંશોધનનું શું પરિણામ આવશે તેની ઝાંખી કરાવશે.

આ કાર્યક્રમનું આયોજન વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૯મી આવૃત્તિના ભાગ રૂપે કરવામાં આવી રહ્યું છે. વૈજ્ઞાનિક અભિગમને બદલવા અને આગામી પેઢીના સર્જકોને સક્ષમ બનાવવા ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ભવિષ્યની તકનીક વિષે અવગત કરવા માટે મહ્ત્વની ભૂમિકા ભજવશે.

નોબેલ પ્રાઈઝ એકિઝબિશન ૨૦૧૭ની જેમ જ 'બિયોન્ડ ધ પ્લેનેટ અર્થ' ભવિષ્યના અનુભવ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને હેન્ડસ ઓન ડેમોન્સ્ટ્રેશન અને માઈન્ડ ઓન એકસપોઝર માટે એક આદર્શ પ્લેટફોર્મ પુરું પાડશે.

આ પ્રદર્શનને અમેરિકન મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટરી (એએમએનએચ), ન્યૂયોર્ક અને મડાટેક, ઈઝરાઈલ નેશનલ મ્યુઝિયમ ઓફ સાયન્સ, ટેકનોલોજી એન્ડ સ્પેસ-હૈફા ઈઝરાયેલના સહયોગથી પ્રાયોજિત કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન વિવિધ વિભાગોમાં વિભાજીત થયેલુ છે. જેમાં સોલાર સિસ્ટમ થિયેટર, ચંદ્ર પરથી પાછા ફરવું, મંગળ ગ્રહ પરની યાત્રા, તારાના આકારના પદાર્થ શોધવા, સૌરમંડલ અને તેની બહારના ભાગનું અવલોકન આ બધી વિશેષતાઓનો સમાવેશ કરવામાં આવેલો છે.

ગાંધીનગર ખાતે આંજણા ચૌધરી સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન

ગાંધીનગર, તા.૨૦

આંજણા ચૌધરી સમાજ સેવા સંકુલ (પેથાપુર), ગાંધીનગર ખાતે આંજણા ચૌધરી સમાજને ઓ.બી.સી.માં સમાવેશ કરવા માટે અથાગ પ્રયત્નો કરીને પોતાનું નોંધપાત્ર યોગદાન આપનાર સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

વાવ- થરાદના પુર્વ ધારાસભ્ય અને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતીના પૂર્વ અધ્યક્ષ માવજીભાઈ પટેલ, બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન અણદાભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ ચૌધરી- સમૌ, જગદીશભાઈ ચૌધરી- કડીયાદરા સહિત સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત આંજણા ચૌધરી સમાજના ભાઈઓને સંબોધતા માવજીભાઈ પટેલ અને અણદાભાઈ પટેલે જણાવ્યું હતું કે, ચૌધરી સમાજને આંદોલન સિવાય ઓ.બી.સી.નો લાભ મળ્યો છે. તેમાં સમાજના અગ્રણીઓ જીવણભાઈ, દલુભાઈ દેસાઈ, શેઠ હરિભાઈ વી. ચૌધરી- ચરાડા, ધનસુરાના પૂર્વ ધારાસભ્ય સ્વ. હરિભાઈ પટેલ, અગ્રણી ભેમાભાઈ ચૌધરી નું અમૂલ્ય યોગદાન રહ્યું છે. ચૌધરી સમાજનો ઓ.બી.સી.માં કેવી રીતે સમાવેશ થયો તેની સમગ્ર ઐતિહાસિક ભૂમિકા તેમણે વર્ણવી હતી. અને ચૌધરી સમાજના વિકાસ માટે તથા શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નવું પ્લેટ ફોર્મ પુરૂં પાડનાર એન.ડી.ચૌધરીને અભિનંદન આપ્યા હતા.

હાઈકોર્ટ બાર એસોસિએશનના ચેરમેન સી.કે.પટેલે જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ સમાજથી મોટો નથી. સમાજના સર્વાંગી વિકાસનો વિકલ્પ માત્ર એકતા જ છે. એન.ડી.ચૌધરીએ ચૌધરી સમાજની એકતા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સમાજના વિદ્યાર્થીઓને હોસ્ટેલ સુવિધા પુરી પાડી નવી ચેતના જગાવી છે.

સંત શ્રી આત્મપ્રકાશ સ્વામી અને શ્રી ભક્તિ વલ્લભ સ્વામીએ ચૌધરી સમાજને આર્શીવચન આપી જણાવ્યું હતું કે, સત્સંગ, સેવા, સંગઠન અને એકતા તથા અનેરો પાવર અને શક્તિ ચૌધરી સમાજ ધરાવે છે. ચૌધરી સમાજમાં એન.ડી.ચૌધરી જેવા અનેક રત્નો પડયા છે. સમાજના વિકાસ માટે અને સમાજના શ્રેષ્ઠીઓની ભૂતકાળની ઘણી વાતો અને પ્રસંશનીય કાર્યો સમાજ ભુલી ગયો હતો તેને ઉજાગર કરવાનો આ અનેરા કાર્યક્રમનું આયોજન કર્યું છે.

આ પ્રસંગે સમાજના અગ્રણી રમીલાબેન દેસાઈ અને ડી.જે.ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉત્તર ગુજરાતના આંજણા ચૌધરી સમાજના ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વાઘ બચાવો અભિયાનમાં 'જંગલીઝ ઓફ ગુજરાત' ગૃપનું પ્રસંશનીય યોગદાન

ગૃપમાં ગાંધીનગરના પર્યાવરણ તથા વન્યજીવ પ્રેમીઓનું મહત્વનું યોગદાન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર રાજયના પાટનગર હોવા સાથે વનરાજી ધરાવતું હરિયાળુ શહેર છે. હરિયાળી પ્રકૃતિની તાસીરના કારણે શહેરમાં પર્યાવરણ અને વન્યજીવો પ્રત્યે લગાવ તથા સંવેદના ધરાવતા નાગરિકોની સંખ્યા પણ વધુ છે. શહેરના આવા જ વન્યજીવ પ્રેમીઓ હાલ દેશમાં ચાલી રહેલા 'સેવ ટાઈગર પ્રોજકટ'માં પણ નોંધપાત્ર રીતે કાર્યરત છે અને રાજસ્થાનના રણથંભોર અભ્યારણ ખાતે રાજસ્થાનના વનવિભાગ સાથે ખભે ખભા મિલાવી પોતાનું યોગદાન આપી રહ્યા છે જે શહેર માટે ગૌરવ બની રહ્યું છે.

વાઘ બચાવ અભિયાનમાં જંગલની આસપાસના વિસ્તારમાં સક્રિય રીતે ભાગ લઈ રહેલ ગુજરાતના એક માત્ર ગૃપ 'જંગલીઝ ઓફ ગુજરાત' રાજસ્થાનના રણથંભોર ખાતે વન વિભાગન વાઘ બચાવવાના પ્રયાસમાં મદદરૂપ બની રહ્યું છે. છેલ્લા ૨૦ જેટલા વર્ષોથી કાર્યરત આ ગૃપના સ્વયંસવકોમાં સંખ્યામાં જોડાયેલા છે એટલું જ ગાંધીનગરના વન્યજીવન પ્રેમી સ્વયંસેવકો પણ નોંધપાત્ર વતની છે. આ ગૃપ દ્વારા વાગની ગણતરી, ચંબલમાં ઘડિયારની ગણતરી, નર્સરી તૈયાર કરવી, ગામો વિસ્થાપિત કરવા, ગ્રામજનોને સમજાવવા, જંગલમાં સફાઈ અભિયાન હાથ ધરવું વગેરે જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. આ વર્ષે સરીશકા ટાઈગર રીઝર્વમાં સર્વે કરવામાં આવતા તેમાં ૧૫ વાઘ હોવાથી તે વિસ્તારમાં સમાવિષ્ટ ગામોને વિસ્થાપિત કરવામાં ગ્રામજનોને સમજાવટથી માંડીને વિસ્થાપનની કામગીરીમાં પણ મદદરૂપ થવાની સેવા આ ગૃપે પુરી પાડી હતી. આ કાર્ય માટે જંગલીઝ ઓફ ગુજરાતની ટીમમાં કિશોરસિંહ પઢિયાર ઉપરાંત ગાંધીનગરના પૂર્વ ડીએફઓ હેમંતભાઈ સુથાર, બળદેવભાઈ વાઘેલા, ચેતન ચૌહાણ, ધર્મેન્દ્ર સુથાર તેમજ વડોદરાના રાહિલ સુદેશા, અમદાવાદના વિક્રમભાઈ તેમજ અક્ષ પટેલ જોડાયા હતા.

> 'આવનારી પેઢીમાં જૈવિક ઘટકો અને અજૈવિક ઘટકો પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમથી સંવેદનશીલતા ઉભી કરવા માટેનો આ પ્રયાસ છે. ખાસ કરીને જંગલમાં કચરાનું વ્યવસ્થાપન, સ્થાયી અને અસ્થાયી પાણીના સ્ત્રોતોની માહિતી, પ્રાણીઓ વચ્ચેનો સહસંબંધ તેમજ પક્ષીઓ અને કિટકો વચ્ચેનો સંબંધ મૂલવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. ડુંગરાળ તેમજ સપાટ જમીન પર ઉત્તમ પ્રકારનું ઘાસ, ગોબર અને માટીમાં ભેળવીને જંગલ બહારના વિસ્તારમાં વાવેતર કરવામાં આવે છે. દર વર્ષે ત્રણથી ચાર કિલો શણિયારનું ઘાસનું વાવેતર બાળકો દ્વારા પણ કરવામાં આવે છે.'
>
> **- કિશોરસિંહ પઢિયાર**
> **પર્યાવરણ તથા વન્યજીવ પ્રેમી**